આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-10-06-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## પી.એમ. મોદી- કિસાન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકેનો વિધિવત રીતે કાર્યભાર સંભાળી લીધો છેકાર્યભાળ સંભાળતા . જ શ્રી મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના17મા હપ્તાને અધિકૃત કરતી પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા આનાથી લગભગ .20 હજાર કરોડ રૂપિયાનું વિતરણ કરીને નવ કરોડ 30 લાખ ખેડૂતોને લાભ થશેશ્રી મોદીએ કહ્યું ., નવી સરકારનો તેમનો પ્રથમ નિર્ણય ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છેતેમણે કહ્યું કે ., તેમની સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

નેશનલ ન્યુઝ

---

## રાજ્ય કૃષિમંત્રી – બાગયત તાલીમ

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ સચિવાલયના અધિકારી તેમજ કર્મચારીઓ માટે બાગાયત નિયામકની કચેરી દ્વારા બે દિવસીય શહેરી બાગાયત અંગે તાલીમનું આયોજન કરાયું હતુંઆ . કર્મચારીઓએ શહેરી -થી વધુ અધિકારી૧૦૦ તાલીમમાં આશરે બાગાયત, પ્લગ નર્સરી@હોમ અને કિચન ગાર્ડનની તાલીમ મેળવી

હતીબે દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને શહેરી . બાગાયતના મહત્વ, નવા સચિવાલય ઇકો ક્લબ, આદર્શ કિચન ગાર્ડન આયોજન અને વ્યવસ્થાપન, હાઈડ્રોપોનીક્સ પરિચય અને વ્યવસ્થાપન સહિતના વિષયો વિશે નિષ્ણાતો દ્વારા માહિતી આપવામાં આવી.

પ્રા.સમાચાર

---

## નગરપાલિકા કમિશનર મુલાકાત- તાલીમ શિબિર

કચ્છના ત્રણ દિવસીય પ્રવાસે આવેલા નગરપાલિકાના રાજકોટ ઝોનના કમિશનર સ્વપ્નીલ ખરે આજે ભુજ નગરપાલિકાની મુલાકાત લીધી હતીજે બાદ નિર્મળ ગુજરાત અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત . ભુજના ટાઉનહોલ ખાતે યોજાયેલ તાલીમ શિબિરમાં પ્રાદેશક કમિશનરે શિબિરના અધ્યક્ષ સ્થાનેથી જરૂરીમાર્ગદર્શન પુરૂ પાડ્યું હતુંઝીરો વેસ્ટ . પર્યાવરણની રક્ષા અને સ્વચ્છતા .ઈવેન્ટ વિષય પર ભાર મુકાયો હતો .અંગે ચર્ચા કરાઈ હતી

**N.P**

---

## વન વિભાગ ઘુડખર – પાણી વ્યવસ્થા

કચ્છના રણમાં નર્મદા નહેરના કારણે પાણીની સમસ્યા ભૂતકાળ બની ચૂકી છે અહીં જોવા મળતા ઘુડખર .43 ડીગ્રી તાપમાન વચ્ચે પણ તરસ છીપાવી રહ્યા છેઉલ્લેખનીય છે કે ., વન વિભાગ દ્વારા કરાયેલી પાણીની વ્યવસ્થાના કારણે રણનું ઘરેણું એવા ઘુડખર માટે પાણીની સમસ્યા હલ થઇ છે.

---

## હવામાન – પૂર્વ કચ્છ વરસાદી ઝાપટા

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં પ્રીમોન્સૂન એક્ટિવિટી અંતર્ગત હળવાથી મધ્યમ - જિલ્લા .વરસાદની શક્યતા છેમાં તીવ્ર ગરમી અને આકરો તાપ અનુભવાયો હતો પ્રિમોન્સુન ગતિવિધિના પણ મંડાણ થયા .છેત્યારે . 40 આજે જિલ્લા મથક ભુજમાં. જયારે .મહત્તમ તાપમાન નોંધાયું હતું 5 કંડલામાં 37.36 અને નલિયામાં 4. .મહત્તમ તાપમાન નોંધાયું છે 2 ભેજના ઉંચા પ્રમાણના કારણે ઉકળાટનો અનુભવ થયો હતો .

દરમિયાન પૂર્વ કચ્છમાં સતત બીજા દિવસે વાગડ વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાયો હતો .કેટલાક સ્થળે ભારે પવન તથા ગાજવીજ સાથે વરસાદી ઝાપટા થયા હતા .ભચાઉ તાલુકના ગ્રામ્ય વિસ્તારમાં અચાનક પલટો આવ્યો હતોતો તાલુકાના મોરગર સહિતના . વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસતા રસ્ત◌ા પરથી પાણી વહી નિકળ્યા હતા .

**N.P**

---

## ભચાઉ – મહિલા ખેડૂત – રમાબેન વોરા

**કચ્છના મહિલા ખેડૂતે પ્રાકૃતિક ખેતીના સહારે પોતાની આવકમાં વધારો કરીને મહિલા ખેડૂતો માટે ઉદાહરણરૂપ બન્યા છે .ભચાઉ તાલુકાના કુંભારડીના રમાબેન વોરા ૧૫ એકરમાં તેઓ ૧૨ ગાયોના પાલન સાથે**

પ્રાકૃતિક કૃષિ થકી ધાન્ય, શાકભાજી તથા બાગાયતી ખેતી કરીને ગુણવત્તાયુકત પાક સાથે પોતાની આવકમાં પણ વધારો કર્યો છે. તેમણે વર્ષ ૨૦૧૪માં પ્રાકૃતિક કૃષિની શરૂઆત કરેલીઅત્યાર સુધી અનેક . તાલીમ મ ેળવી છે.

મા.ખા.

------------------------------------------------------------------------------

## સ્ટેચ્યુ ઓફ યુનિટી - પ્રવાસીઓ

ઉનાળા વેકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓને ભારે ધસારો જોવા મળી રહ્યો છેઆ એક જ મહિનામાં અઢી લાખ કરતાં . વધુ પ્રવાસીઓએઅહીંની મુલાકાત લીધી છે, જે ગયા વર્ષની સરખામણીમાં એક લાખ પંચોતેર હજાર કરતાં વધુ છે.

પ્રા.સમાચાર

------------------------------------------------------------------------------

## જેઈઈ- પરીક્ષા

દેશની વિવિધ આઈઆઈટીમાં પ્રવેશ માટેની J.E.E. એડવાન્સ પરીક્ષામાં પ્રથમ 100 વિદ્યાર્થીઓમાં રાજકોટના ચાર અને અમદાવાદના બે એમ રાજ્યના છ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગત મેએ યોજાયેલી આ જેઈઈ એડવાન્સ પરીક્ષા 26 રાજ્યના .હજારથી વધુ વિદ્યાર્થીઓએ આપી હતી 11આ સાથે સુરતના મોનિલ સાવલિયાએ EWS કેટેગરીમાં દેશમાં મો84ક્રમાંક પ્રાપ્ત કર્યો.

પ્રા.સમાચાર

------------------------------------------------------------------------------

# રાષ્ટ્રીય લોક અદાલત

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના નેજા હેઠળ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ આગામી તારીખ મી જૂનના રોજ જિલ્લાની દરેક 22 કોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવશે.

જેમાં સમાધાનલાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ અન્વયેના કેસો, પ્રિદ :લીટીગેશનના કેસો તથા અન્ય કેસોનું સુખ-તમામ પક્ષકારો ..સમાધાન કરવામાં આવશે, વકીલો તેમજ જુદી જુદી સંસ્થાના જવાબદાર અધિકારીઓએ આ રાષ્ટ્રીય લોકઅદાલતમાં ભાગ - લેવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા દરેક તાલુકા કાનુની સેવા .સમિતિનો સંપર્ક કરવા જણાવ્યું છે

---

રીપીટ

---------------------------------------------------------------------------

RNUBHUJ